# ઈનોક્સ વિન્ડ લિ.ને ૧૭૦ મેગાવોટનો ઓર્ડર

વડોદરા,તા.૧૮

ગુજરાત ફ્લોરો કેમિકલ્સ લિ.ની પેટા કંપની ઈનોક્સ વિન્ડ લિ.ને ૧૭૦ મેગાવોટનો ઓર્ડર અપાયો છે. મધ્યપ્રદેશના રતલામ અને મંદસોર વિસ્તારમાં કન્ટિન્યુઅમ વિન્ડ એનર્જી દ્વારા આ પ્રોજક્ટ અમલી બનાવવામાં આવનાર છે. રૂ.૯૦૦ કરોડથી વધુ મૂલ્યના આ ઓર્ડરમાં કંપનીના તાજેતરમાં શરૂ થયેલા ૨ મેગવોટ વિન્ડ ટર્બાઈનના ૧૦૦ મીટર રોટર વ્યાસ ધરવતા ૮૫ એકમો પુરા પાડવાના છે. કંપનીના સીઈઓ કૈલાશ તારાચંદાણીએ જણાવ્યું હતું કે, આ ઓર્ડર ઉચ્ચતર સ્પર્ધાત્મક વિન્ડ બજારમાં કંપનીની સ્થિતિને મજબૂત બનાવશે.